Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## સ્નાતક કક્ષામાં પ્રથમ વર્ષમાં ઓનલાઈન પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે અગત્યની સૂચના

- સૌ પ્રથમ કામચલાઉ (પ્રોવીઝનલ) મેરીટ યાદી જાહેર કરવામાં આવશે, જે યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર જોઈ શકાશે તથા વિદ્યાર્થીના ડેશ બોર્ડ પર પણ જોઈ શકાશે. કામચલાઉ (પ્રોવીઝનલ) મેરીટ યાદીમાં માર્કસ, કેટેગરી, બોર્ડ તથા અન્ય કોઈ ભૂલ જણાતી હોય માત્ર તેવા વિદ્યાર્થીઓ આપવામાં આવેલ સમયમર્યાદામાં પોતાના ડેશબોર્ડ પરથી (તેઓને આપવામાં આવેલ આઈ.ડી. તથા પાસવર્ડ નાંખીને ) Request for Application Correction માં Click to submit your request પર કલીક કરી વિગતોમાં સુધારો કરવાની વિનંતી સબંધીત દસ્તાવેજ અપલોડ કરીને મોકલાવી શકાશે. યુનિવર્સિટી દ્વારા અપલોડ કરેલ આધાર પુરાવાઓની ચકાસણી કર્યા બાદ યોગ્ય હશે તો સુધારા કરવામાં આવશે.
- પ્રવેશાર્થીએ પસંદ કરેલ કોલેજોની મેરીટ યાદીમાં જો પ્રવેશ મળવાપાત્ર હશે તો તે અંગેનો મેસેજ પ્રવેશાર્થીના ડેસ્ક બોર્ડ પર દેખાશે તથા તે અંગેનો SMS તથા E-mail આવશે. SMS તથા E-mail વધારાની સગવડ છે. આથી દરેક પ્રવેશાર્થીએ પોતાનું ડેસ્ક બોર્ડ નિયમિત જોતા રહેવું.
- ઉમેદવાર જે પસંદગીની કોલેજમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તેમણે તે કોલેજ પર જઈ ઓરિજીનલ ડોકયુમેન્ટ વેરીફાઈ કરાવી પ્રવેશ મેળવી લેવાનો રહેશે.
- જો ઉમેદવારે એક કરતાં વધુ કોલેજોને પસંદગી આપી છે તેઓ કોલેજનાં પ્રવેશ માટેના જે રાઉન્ડમાં પ્રવેશ મળવા પાત્ર થશે તે રાઉન્ડમાં જુદીજુદી કોલેજોના SMS આવશે તેમજ ડેસ્ક બોર્ડ પર દેખાશે. SMS માં દર્શાવેલ સમય મર્યાદામાં પોતાની પસંદગીની કોઈ એક કોલેજમાં અવશ્ય પ્રવેશ કન્ફર્મ મેળવી લેવાનો રહેશે.
- ઉમેદવારે એક વાર પ્રવેશ મેળવ્યા બાદ તેની પસંદગીની બીજી કોલેજમાં પ્રવેશ મેળવવા પણ અગાઉની કોલેજમાં મેળવેલો પ્રવેશ રદ કરાવ્યા બાદ જ અન્ય કોલેજમાં પ્રવેશ મળશે.
- જો ઉમેદવારને પસંદ કરેલી કોલેજમાં પ્રવેશ મળવાપાત્ર હોય અને સમયમર્યાદામાં પ્રવેશ કન્ફર્મ કરવા જરૂરી પ્રમાણપત્રોની નકલ જમા કરાવશો નહિ તો પ્રવેશ રદ થશે. જેની ગંભીરતાથી નોંધ લેશો.
- અગાઉની કોલેજમાં મળેલ પ્રવેશ રદ કરાવવા માટે વિદ્યાર્થી જે કોલેજમાં પ્રવેશ મેળવવા માગે છે ત્યાં જઈ પ્રવેશ રદ કરાવવાની પ્રક્રિયા કરવાની રહેશે. અગાઉની કોલેજ પર પ્રવેશ રદ કરાવવા જવાનું રહેશે નહિ. પ્રવેશ રદ કરવા માટે OTP આવશે. જે OTP જે તે કોલેજમાં પ્રવેશ મેળવવા માંગતા હોય ત્યાં આપવાનો રહેશે. ત્યારબાદ જૂની કોલેજનો પ્રવેશ રદ થશે અને નવી કોલેજમાં પ્રવેશ મેળવી શકશે. આ માટે રજીસ્ટ્રેશન સમયે આપેલ મોબાઈલ નંબર વાળો હેન્ડ સેટ સાથે અચુક રાખવો.

ઈ.ચા.કુલસચિવ

ક્રમાંકઃએકે./પ્રવેશ /૭૨૧૧/ ૨૦૨૦
તા. ૩૧/૦૮/૨૦૨૦

E:\1_V.N.S.G.U\1_2020\Admission_2020-21\B.Com_BBA_Admission_2020-2021\Circular.doc